सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ :– | ૧૫–૧૧–૨૦૨૨ | | |
| નોંધણી તારીખ :– | ૧૫–૧૧–૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ :– | ૦૩–૦૨–૨૦૨૩ | | |
| અવધિ : – | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૨ | ૧૯ |

**કેશોદના નામ. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કેશોદ**

**<u>ફોજદારી કેસ નં. ૬૨૬/૨૦૨૨</u>**

<u>આંક :</u>

શ્રી સ ર કા ર . . . . . .
કેશોદ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૦૨૨૦૬૨૭/૨૨ **<u>ફરીયાદી</u>**

**<u>વિ રૂ ધ્ધ</u>**

(૧) અંજુબેન W/o. દિલીપભાઈ મથુરભાઈ મકવાણા,
ઉ.વ. : ૨૫, ધંધો : મજુરી,
(૨) હર્ષાબેન ઉર્ફે હંસાબેન W/o. મથુરભાઈ ભુરાભાઈ મકવાણા,
ઉ.વ. : ૪૫, ધંધો : મજુરી,
(૩) સોનલબેન W/o. અજયભાઈ પાંચાભાઈ વાવેચા,
ઉ.વ. : ૩૦, ધંધો : મજુરી,
(૪) દક્ષાબેન W/o. યોગેશભાઈ બાબુભાઈ પરમાર,
ઉ.વ. : ૨૭, ધંધો : ઘરકામ,
તમામ રહે.પલ્લવી નગર પાછળ, ત્રિલોકપરા, કેશોદ. **<u>આરોપીઓ</u>**

<u>ગુનો</u> : ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એમ.એલ.સૈયદ
આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી આર. એસ. મુછાળ

**–: : ઠ રા વ ::–**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૯–૦૯–૨૦૨૨ના રોજ કલાક ૯:૩૦ વાગ્યે કેશોદ મુકામે વેરાવળ રોડ કૃષ્ણનગર સોસાયટીમાં ફરીયાદીના ઘરે જઈ, ફરીયાદીને ''દિલીપ તારા લીધે કયાંક જતો રહેલ છે'' તેમ કહી ભુંડી ગાળો કાઢી લાકડી વડે તથા ઢીકાપાટુનો માર મારી માથાના વાળ કાપી નાખી તેમજ સાહેદ નિરૂબેન તથા રવિભાઈ વચ્ચે પડતા તેમને પણ ઢીકાપાટુનો માર મારી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરીયાદીએ ફરીયાદ આપતા, સદરહુ ફરીયાદ કેશોદ પોલીસ સ્ટેશન પ્રથમ બાતમી અહેવાલ નં.૧૧૨૦૩૦૩૦૨૨૦૬૨૭/૨૨થી નોંધી તપાસ અર્થે મોકલી આપેલ, તપાસ કરનાર અધિકારીએ લાગતા–વળગતા સાહેદોના નિવેદન નોંધી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ઈ.પી.કો.ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આ કામે આરોપીઓને પ્રોસેસ ઈસ્યુ કરતા, આરોપીઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફત કોર્ટ સમક્ષ હાજર થયેલ અને આરોપીને ચાર્જશીટ, ક્રિ.પ્રો.કો. કલમ–૧૬૧ અન્વયે નોંધેલ નિવેદનો તેમજ અન્ય કાગળો જેના ઉપર પ્રોસીકયુશન આધાર રાખતા હતા તેની તમામ નકલો આરોપીને પુરી પાડવામાં આવેલ અને તે મળી ગયાની ખાત્રી થયા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–પથી તહોમતનામુ ફરમાવી, આંક–૬ થી ૯ સુધી પ્લી રેકર્ડ કરતા, આરોપીઓએ ગુન્હો કર્યા અંગે ઈન્કાર કરેલ છે. જેથી સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી સારૂ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** સદરહુ કેસમાં ફરીયાદ પક્ષે ફરીયાદ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા</u> :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી : હિનાબેન રમેશભાઈ બદલાણીયાની જુબાની | ૧૪ |

**<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૧૫ |
| ૨ | આરોપીઓને અટક કર્યા તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૬ |
| ૩ | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું | ૧૭ |
| ૪ | ફરીયાદીનું એમ.એલ.સી. | ૧૮ |

**(૪)** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિશેષ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી અને આંક–૧૯થી ફરીયાદી ધ્વારા પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરસીસ રજુ કરતાં, પડેલ પુરાવાના આધારે આરોપીનું વિશેષ નિવેદન લઈ શકાય તેવો પુરતો પુરાવો ન હોય, આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એમ. એલ. સૈયદ તથા આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી આર. એસ. મુછાળની મૌખિક દલીલ સાંભળી.

**(૫)** સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(**૧**) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૯–૦૯–૨૦૨૨ના રોજ કલાક ૯:૩૦ વાગ્યે કેશોદ મુકામે વેરાવળ રોડ કૃષ્ણનગર સોસાયટીમાં ફરીયાદીના ઘરે જઈ, ફરીયાદીને "દિલીપ તારા લીધે કયાંક જતો રહેલ છે" તેમ કહી ભુંડી ગાળો કાઢી લાકડી વડે તથા ઢીકાપાટુનો માર મારી માથાના વાળ કાપી નાખી

તેમજ સાહેદ નિરૂબેન તથા રવિભાઈ વચ્ચે પડતા તેમને પણ ઢીકાપાટુનો માર મારી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી તથા જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(**૨**) શું હુકમ ?

(**૬**) ઉપરોકત મુદ્દાના નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં.**૧** : 'નકાર'માં

મુદા નં.**૨** : આખરી હુકમ મુજબ

(**૭**) ઉપરોકત મુદ્દાઓના આપેલ નિર્ણય માટેના ન્યાયિક કારણો નીચે મુજબના છે.

**–:: <u>કા ર ણો</u> ::–**

(**૮**) આ કામે ફરીયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે આંક–૧૪થી ફરીયાદી હિનાબેન રમેશભાઈ બલદાણીયાને તપાસેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૦૯–૦૯–૨૦૨૨ના રોજ રાત્રીના ૯:૦૦ વાગ્યાની આસપાસ બનેલો, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા, ત્યારે તેમની સાથે કામ કરતા સોનલબેન મકવાણા, તેના મમ્મી તથા તેમના નાના બહેન તથા ભાભી, જજેઓને તે ઓળખે છે, પરંતુ તેના નામ યાદ નથી, આ લોકો તેઓના ઘરે આવેલા અને જુના મનદુઃખ બાબતે તેમની સાથે સામાન્ય બોલાચાલી કરવા લાગેલા. આ સિવાય બીજું કશુ બનેલ નથી. જે અંગેની ફરીયાદ તેઓએ કેશોદ પો.સ્ટે.માં આપેલી, જે અસલ ફરીયાદ તેમને બતાવતાં, તેમાં તેમણે પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૫થી રજુ રાખેલ છે. આમ, ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, તેમને ફરી

ગયેલા જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ પક્ષને સમર્થન કરેલ નથી. આરોપી તરફેની ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ. તેમણે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમને આરોપીઓએ લાકડી વડે કોઈ માર મારેલ નથી કે ભુંડી ગાળો આપેલ નથી. બનાવ સમયે ઘણા લોકો ભેગા થઈ ગયેલ હોવાતથી તેઓને કોઈનો ધકકો લાગતા તેઓ પડી ગયેલ, જેથી શરીરે સામાન્ય ઈજાઓ થયેલ. આરોપીઓ સાથે તમને કોઈ તકરાર બાકી રહેતી નથી.

**(૯)** ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આંક–૧૪થી તપાસેલ ફરીયાદી હિનાબેન રમેશભાઈ બલદાણીયાએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ સમયે તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવેલ છે અને તે સિવાય બીજું કશુ બનેલ નથી તેમ જણાવેલ છે. આમ, ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદે તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસ મુજબના બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તે ઉપરાંત, બચાવ પક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા, તેમાં સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, તેમને આરોપીઓએ લાકડી વડે કોઈ માર મારેલ નથી કે ભુંડી ગાળો આપેલ નથી, તેમજ બનાવ સમયે ઘણા લોકો ભેગા થઈ ગયેલ હોવાતથી તેઓને કોઈનો ધકકો લાગતા તેઓ પડી ગયેલ, જેથી શરીરે સામાન્ય ઈજાઓ થયેલ. આ સંજોગોમાં ફરીયાદ પક્ષના રજુ પુરાવાથી ફરીયાદ હકીકતને સમર્થન મળતું ન હોય, ફરીયાદ સાબીત થતી નથી. આ કામે મુળ ફરીયાદી તથા સાહેદે આંક–૧૯થી કલોઝીંગ પુરસીસ આપતા અન્ય કોઈ સાહેદને તપાસવામાં આવેલા નથી. આમ, આ કામે તપાસવામાં આવેલ સાહેદની સોગંદ પરની જુબાની પરથી હાલના આરોપીઓએ બનાવ સમયે ફરીયાદીને ભુંડી ગાળો આપી અપમાનીત કરેલ હોય કે ફરીયાદી તથા સાહેદને માર મારેલ હોય કે લાકડીનો હથીયાર તરીકે ઉપયોગ કરી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી કોઈપણ હકીકત રેકર્ડ પર આવતી નથી. આમ, તમામ હકીકતો તથા પુરાવો

ધ્યાને લેતા આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કોઈ આવશ્યક તત્વો રેકર્ડ પર આવતા નથી. ફરીયાદ હકીકત મુજબનો બનાવ બનેલ હોવા સબંધે એક વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે અને આવી શંકાનું નિરાકરણ કરતો સચોટ, સ્પષ્ટ, પુરતો અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. જેથી ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુન્હો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોવાનું માની મુદ્દા નં.૧નો નિર્ણય 'નકાર'માં કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: **<u>આ ખ રી હુ ક મ</u>** ::–

૧) ક્રિ.પ્રો.કો. કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપીઓ : (૧) અંજુબેન W/o. દિલીપભાઈ મથુરભાઈ મકવાણા, (૨) હર્ષાબેન ઉર્ફે હંસાબેન W/o. મથુરભાઈ ભુરાભાઈ મકવાણા, (૩) સોનલબેન W/o. અજયભાઈ પાંચાભાઈ વાવેચા તથા (૪) દક્ષાબેન W/o. યોગેશભાઈ બાબુભાઈ પરમારને ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે કબજે લેવાયેલ મુદ્દામાલનો નાશ કરવો.

૩) આરોપીઓએ અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કો. કલમ–૪૩૭(એ) અન્વયે છ માસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

આ ઠરાવ આજ તારીખ : ૦૩જી, માહે : ફેબ્રુઆરી, સને : ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કેશોદ
તારીખ : ૦૩–૦૨–૨૦૨૩

( મહમદરાહિલ હમીદભાઈ પઢીયાર )
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કેશોદ
(GJ01145)